

# સરકારી વિજ્ઞાન કૉલેજના લાયબ્રેરી વિભાગ દ્વારા લાયબ્રેરી ઓરિએંટેશન




ગાંધીનગર,તા. ૨૪ સરકારી વિજ્ઞાન કોલજ, ગાંધીનગર દ્વારા પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ ને લાયબ્રેરીના ઉપયોગમાં સરળતા રહે તે હેતુ થી કોલેજના લાયબ્રેરીયન જયશ્રીબેન ડી. પંડ્યા દ્વારા લાઈબ્રેરી ની સેવાઓ, સંગ્રહ, લાયબ્રેરી ના નિયમો, ઈ-બુક્સ, ઈ- જર્નલસ વગેરે વિષયોને આવરીને તા. ૨૩.૦૧.૨૦૨૧ના રોજ ઓરિએંટેશન યોજવામાં આવેલ જેમાં કોલેજના ૧૬૫ વિધાર્થીઓ એ સક્રિય ભાગ લીધેલ, આ ઓરિએંટેશનને સફળ બનાવવા માટે કોલેજના આચાર્ય ડો. એમ. જી ભટ્ટ દ્વારા વિધાર્થીઓને લાઈબ્રેરી ના વધુ માં વધુ ઉપયોગ માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું તેમજ લાયબ્રેરી સમિતિ ચેરમેન ડો. જી. આર. પટેલ દ્વારા સંસ્થા ની લાયબ્રેરી વિષે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી વિધાર્થીઓ સુવિધા સભર લાયબ્રેરીનો લાભ લે તેવી અપીલ કરી હતી.

# બીબીએ કૉલેજના NSS યુનિટ દ્વારા સુભાષચંદ્ર બોઝના જીવનચરિત્ર પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર,તા. ૨૪ કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના ૭૫ વિદ્યાર્થીઓ ભારત ની આઝાદ ની લડત નું ઉજવવળ નામ અને યુવાનો ના આદર્શ સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ નેતાજી ના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવન માં ઉતારવા નો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુથી કોલેજ દ્વારા આજ ના શુભ દિવસે ઉપરોક્ત કાર્યક્રમ નું ઓનલાઈન આયોજન થયું હતું. કોલેજ તરફ થી ડો.જયેશ તન્ના દ્વારા ઉપરોક્ત કાર્યક્રમમાં ઉત્સાહ ભેર જોડાવા માટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સુભાષચન્દ્ર બોઝના જીવન માંથી પ્રેરણા લેવા નેતાજી દ્વારા આપેલા સૂત્ર ને યાદ કરાવ્યા હતા. કુલ ૨૨ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમજ ભારતના આવા મહાપુરુષોને સમજી તેમના કર્યો, અનુભવો અને સંઘર્ષ માંથી




પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમજ ભવિષ્ય ના NSS યુનિટ ની વિવિધ પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. તેમજ તેઓને ઉપયોગી સૂચનો આપવા પણ જણાવ્યું હતું.

ત્યારબાદ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સુભાષ બાબુના જીવન બાબતે કેટલીક છણાવટ કરી જેમાં નેતાજી ના દેશ અને દુનિયા માં આઝાદી માટે સંઘર્ષરત રહ્યા તે પ્રસંગો અને આઝાદ હિન્દ ફોજનું નિર્માણ અને નેતૃત્વ કર્યું સાથે સાથે વિદ્યાર્થીઓ ને નેતાજી ના જીવન ના તમામ

**નેતાજીની ૧૨૫મી જન્મજયંતીને ભારત સરકાર દ્વારા પરાક્રમ દિવસ તરીકે ઉજવવા બદલ વિદ્યાર્થીઓમાં અનોખો ઉત્સાહ**

પાસાઓ પર તલસ્પર્શી માહિતી આપી હતી.જેમાં તેમના બાળપણ,યુવાની વિદેશ પ્રવાસ તેમજ ભારત ભ્રમણ બાબતે રસપ્રદ પ્રસંગો ટાંકી વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીઓ એ પણ સમગ્ર વ્યાખ્યાન તેઓના જીવનમાં ચારિત્ર્ય નિર્માણ માટે દીવા દાંડીનું કાર્ય કરશે તેમ જણાવ્યું હતું. અભ્યાસની સાથે સાથે સફળ મહાનુભાવોના જીવન ચરિત્ર સમજી જીવન ના સંઘર્ષ માં ઉપયોગી થઈ શકે તે માટે કોલેજ હંમેશા આવા પ્રયત્ન કરતી રહે છે. જે અમારા ઘડતર માટે ખુબ ઉપયોગી છે. તેમ વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું. આવા કાર્યક્રમ થી લોકજાગૃતિ નું ઉત્કૃષ્ટ કાર્ય થશે જે સમાજનિર્માણ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

કોલેજ તરફ થી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ,ડો આશિષ ભુવા,ડો નિવેદિતા રાવલ, ડો પ્રગ્નેશ નવલખા,ડો અમિતા પ્રજાપતિ,ડો માર્ગી દેસાઈ, અને સમગ્ર કોલેજ પરિવાર ના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

# કવિ વિનોદ જોશીની યશસ્વી પત્રનવલકથા 'મોરપિચ્છ'નું ભાવપ્રવણ વાચિક્મ્ 'મારી ભાષા ગુજરાતી' પર યોજાયું

ગાંધીનગર, તા. ૨૪ જાણીતા કવિ અને સર્જક વિનોદ જોશીની બહુ કયાતી પામેલી પત્રનવલ 'મોરપિચ્છ' પર ઓનલાઇન વાચિક્મ્ રવિવારે યોજાયું હતું. સૂરતના જાણીતા કલાકારો યામિની વ્યાસ અને નરેશ કાપડિયાએ નવલકથાનાં બે પ્રેમી પાત્રો ક્રમશઃ અનન્યા અને અપૂર્વની ભૂમિકા ખૂબ જ ભાવપ્રવણ રીતે ભજવીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ અવસરે લેખક વિનોદ જોશી ઉપસ્થિત રહયા હતા. પ્રાસંગિક સંબોધનમાં તેમણે કહ્યું કે 'મોરપિચ્છ' નવલકથા બે પ્રેમીપંખીડાં દ્વારા એકબીજાને સામસામા લખાતા પત્રો માધ્યમે આલેખાઈ છે જેનો સમયગાળો ૧૯૯૬-૯૭નો છે. હાલ ઓસ્ટ્રેલિયામાં મેલબોર્ન ખાતે નિવાસ કરી રહેલ જોશીએ કહ્યું કે એ વખતે મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ વગેરે હજી સામાન્ય પ્રચલનમાં ન હતું અને હાથે લખાતા પત્રોનું માહાત્મ્ય સુપેરે હતું; એ પ્રેમ-પત્રોમાં એ સમયની ઘટનાઓ અને તવારિખી અમુક પ્રસંગોનું ચિત્રણ મળે છે. તેમણે જણાવ્યું કે જેમ પ્રેમ કોઈ સમયના બંધનમાં નથી હોતો એમ જ એ પ્રેમપત્રો પણ સર્વકાલીન બની રહ્યા છે અને તેથી જ આ નવલ વાચકોએ હોંસભેર



હંમેશાં એક તાજી કૃતિ તરીકે વાંચી છે, માણી છે ને વખાણી છે. આજે ટેકનોલોજી યુગમાં હસ્તાક્ષરે લખવાની ટેવ લગભગ છૂટી જ ગઈ છે ત્યારે આપણી ભાષા હાથે પણ 'લખાતી' રહેવી જોઈએ એવું આહવાન કરતાં તેમણે 'મારી ભાષા ગુજરાતી' વર્ચ્યુઅલ મંચની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

ઈંડિયન રિવાઈવલ ગ્રુપના સહકારથી 'મારી ભાષા ગુજરાતી' વર્ચ્યુઅલ સભામંચ પર આ કાર્યક્રમનું સંચાલન નવી દિલ્હીથી સંયોજક અને ઉદ્દઘોષક ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું. તેમણે કહ્યું કે સાડા ચારસો પાનાની કથાને એક કલાકમાં રજૂ કરી શકાય એ રીતે સંપાદિત પ્રસ્તુતિમાં નરેશ કાપડિયાએ ભારે કલાત્મકતા દાખવી છે અને અનન્યાના પાત્રને ન્યાય આપવામાં યામિની વ્યાસે નવલકથાનું કાલ્પનિક વાતાવરણ જીવંત કરી દીધું. એક તરફ બંને કલાકારોની વિલક્ષણ સંવાદ પ્રસ્તુતિ આરંભથી જ રોમાન્સનો રોમાંચ જગાડીને છેવટ સુધી બાંધી રાખનારી હતી તો છેલ્લે કથાનો કરુણ અંત શ્રોતાઓના આંખના ખૂણા ભીંજવી ગયો હતો. તેમણે ઉમેર્યું કે મારી ભાષા મંચ ગુજરાતીની શુદ્ધતમ અસ્મિતા જાળવી રાખવાના હેતુનો છે અને એ દિશામાં છેલ્લા છ માસથી મંચ ગતિશીલ છે. તેમણે કહ્યું કે આપણી ભાષાને પણ જાણ્યેઅજાણ્યે બીજી ભાષાઓના શાબ્દિક અને લઢણ વળગાડ લાગી ગયેલ છે અને તે વાઈરસગ્રસિત અવસ્થા જેવી ગૂંગળામણ વેઠી રહી છે, આ હકીકત સ્વીકારવા-સુધારવાનો સમય પાકી રહ્યો છે એમ જણાવતાં તેમણે વ્યવહારમાં વધુ ને વધુ અને શુદ્ધ ને શુદ્ધ ગુજરાતીનો આગ્રહ રખાય એવી લાગણી વ્યકત કરી હતી. દેશવિદેશથી ગુજરાતીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# જે.બી.પ્રાથમિક શાળા દ્વારા અનાજ-કઠોળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવવાની ઓનલાઇન સ્પર્ધા યોજાઇ



ગાંધીનગર, તા. ૨૪ સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધોરણ ૧ અને ૮ ના વિધાર્થીઓ માટે તા. ૨૧/૧૨/૨૦૨૧ ને ગુરુવારે ઓનલાઈન અનાજ-કઠોળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ વર્ગના કુલ ૧૬૪ વિધાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને શિક્ષકો ના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ અનાજ અને કઠોળમાંથી સુંદર મજાના રાષ્ટ્રધ્વજ બનાવ્યા હતાં.

શાળાનાં આચાર્યશ્રી નીવાબેન પટેલે માતા પિતાનાં સહયોગથી ભાગ લેનાર તમામ વિધાર્થીઓને તથા વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.


# ગુરુ ગોવિંદ સિંહની જન્મ જયંતિ નિમિત્તે ઓનલાઈન હિન્દી કવિ સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૨૪ ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મહાત્મા ગાંધી સાહિત્ય સેવા. મંચ પર ગુરુ ગોવિંદ સિંહ ની જન્મ જયંતિ ઑન લાઈન કવિ સંમેલન આયોજિત કરી ઉજવવામાં આવી, આ પ્રસંગે સરસ્વતી વંદના ભરૂચ ના કવિતા મોદી દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કવિયિત્રી, સચિવ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ, આયુર્વેદ હૉસ્પિટલમાં નર્સીંગ સેવા આપતા પ્રિતી પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો, સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા તેઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કુલ ૬૦ થી વધુ કવિઓ જોડાયા હતા અને પોતાની કવિતા ઓ પ્રસ્તુત કરી ગુરુ ગોવિંદ સિંહ ની જન્મ જયંતિ ઉજવી હતી, આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ગુરુ ગોવિંદ સિંહ પર પોતાની કૃતિ હિન્દી માં વીડિયો દ્વારા રજૂ કરી હતી. આ કાર્યક્રમ મહાત્મા ગાંધી સાહિત્ય મંચ પર મહારાષ્ટ્ર ઈકાઈ પર તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ બપોરે બે વાગ્યે અધ્યક્ષ ડૉ મણી મુથા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.




**૨૬ જાન્યુવારી દેશમાં ગણતંત્ર દિવસ તરીકે ઉજવાતો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે સમગ્ર ભારત દેશમાં ઠેર ઠેર ધ્વજ વંદન, પરેડ કે અન્ય પ્રકારના અસંખ્ય કાર્યક્રમો યોજાય છે. સમગ્ર દેશમાં દેશભક્તિનું મોજું ફરી વળે છે. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા અને દર તહેવારને પોતાની મીનીએચર આર્ટમાં ઢાળતા મુકેશ પંડયા એ ગણતંત્ર દિવસ નિમિતે વિવિધ આર્ટની રચના કરી છે.જેમાં પરેડની ઝાંખી દરસાવી છે. ફક્ત રંગીન દોરીથી સર્જન કરેલ આ આર્ટની સાઈઝ ફક્ત બે સેન્ટિમીટર જેટલી જ હોય છે. આ ઉપરાંત તેઓ પેપર્સ કટિંગમાં પણ હાથ અજમાવે છે. તેમની આ કળા વસ્ત્રાપુર અમદાવાદ હાટમાં જોવા મળશે.**

# પી.આર. ઠક્કર વિદ્યાવિદ્યાર મગોડીમાં ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન અપાયું



ચિલોડા, તા. ૨૪ ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ભણતા વિદ્યાર્થીઓને માટે મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી જાણીતા મનોચિકિત્સક ડૉ વિધિ મોદી તેમજ ડૉ. નુરીન ચૌધરી તેમજ સ્ટાફ નર્સ મનિષાબેન પટેલ હાજર રહ્યા હતા. આ તબીબો દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને વર્તમાન પરિસ્થિતિમાં કોરોનાથી ડર્યા વગર કેવી રીતે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવું તેના વિશે ખૂબ સરળ ભાષાશૈલીમાં સુંદર રસપ્રદસ મહત્ત્વની માહિતી પૂરી પાડી છે.

કાર્યક્રમના અંતે આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ સર્વે ડૉકટરો તથા સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગજાનન સેવા સમિતિ દ્વારા ૮૦ લાભાર્થીઓને ૨ સાડી તથા ટુવાલનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૪ નિવેદિતા મહિલા મંડળ તથા યૌવના સંસ્થા ગાંધીનગર અને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી તથા વાંટડા ગામ આવરી લઈ કુલ ૮૦ લાભાર્થીઓને ૨ નંગ સાડી, ચણીયા, તુવાલ, ગોળ, ચોખા, મગ દાળ, ચા, ખજુર સાથે ૧૬ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. રવિવારના સેવાકાર્યમાં ૪૦ લાભાર્થીએ ખીચડી શાક તથા નાસ્તાની મજા માણી હતી. વૈજુબેન ગુપ્તે, ડૉ. વૈદેહી તટુ, ડૉ. સુમેધા મહાજની, ડૉ. સંગીતા ઘાટે, શ્રુતિ પાલકર, ઉષા તટુ, હેમા પંડિત, શીલ્પાબેન ભટ્ટ, ગીતા જોશી, મિલિંદભાઈ, ભરતભાઈ, મહર્ષિ તથા દેવ સુથાર સાથે હતા. બે ગાડી લઈને ટીમ રવાનાં થઈ હતી. માસ્કનું વિતરણ તથા બે ને સ્ટીક તથા બે ને ની કેપ આપી હતી.

## જન્મદિને વધામણી


કિન્નાબેન જાની


અનિતા ઢીંગરા


શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૮૮ ૧૩૬૭૭



રીવા દ્રોણકુમાર પંડ્યા


ધનુષ ભાવિક શુક્લ


બંસી દવે


જીઆંશ
વિવેક ત્રિવેદી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...